દાદા ભગવાન પરિવારનું
ઓગષ્ટ ૨૦૨૨
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# Happy FESTIVALS

# Happy Festivals

## સંપાદકીય

બાળમિત્રો,

આપણા માટે તહેવારો એટલે મોજમજા અને આનંદ કરવાનો અવસર. રૂટીન લાઈફમાંથી બ્રેક લઈને સેલિબ્રેશન કરવાનું એક બહાનું. પણ, શું તમને ખબર છે કે આપણા દેશના દરેક તહેવાર પાછળ એક હેતુ ગોઠવાયેલો છે ?

આ અંકમાં ઈન્ડિયામાં ઉજવાતા અમુક તહેવારો પાછળના હેતુને જાણીએ. સાથે-સાથે એ પણ સમજીએ કે ઋતુઓ અને તબિયત સાથે તહેવારોનું શું કનેક્શન છે. શું દાદા, નીરૂમા અને પૂજ્યશ્રી પણ તહેવારો ઉજવે છે ? એમની દૃષ્ટિએ તહેવારોનો મૂળ આશય શું છે ? તો ચાલો, આવા ઘણા બધા ઈન્ટરેસ્ટિંગ પ્રશ્નોના જવાબ મેળવીએ અને દરેક તહેવારોના જુદા-જુદા રંગોમાં ખરી સમજણનો રંગ પૂરી તહેવારોને સેલિબ્રેટ કરીએ !

- ડિમ્પલ મહેતા


વર્ષ : ૧૪, અંક : ૧૨
સળંગ અંક : ૧૬૮
ઓગષ્ટ ૨૦૨૨



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2022, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# રક્ષાબંધન

# જ્ઞાનીઓ કહે છે...

રક્ષાબંધનના પવિત્ર દિવસે બહેન ભાઈને રાખડી બાંધે અને પછી ભાઈ બહેનની બધી જ રક્ષા કરવાની જવાબદારી લે.





પહેલાના જમાનામાં તો એવું પણ બનતું કે ગામની સ્ત્રીઓ કોઈ ગુંડા કે લૂંટારુંને રાખડી બાંધે, એના પછી પેલાની આખી દૃષ્ટિ જ બદલાઈ જાય.

એ કહે કે બહેન હવે તારો કોઈ વાળ વાંકો નહીં કરી શકે. ગામના લોકો બહેનને પજવી ના શકે અને ભાઈ બનીને આખી જિંદગી બહેનની રક્ષા કરે. એવો પવિત્ર રક્ષાબંધનનો દિવસ. રક્ષાની મહત્વતા !





રક્ષાબંધન ના દિવસે આપણે બધા સીમંધર સ્વામીને, દાદા ભગવાનને અને નીરુમાને રક્ષા બાંધીશું.

સીમંધર સ્વામીને રક્ષા બાંધીને આપણે પ્રાર્થના કરીશું કે આવતો ભવ તમારા શરણમાં લેજો, મને મોક્ષે લઈ જજો.

દાદા ભગવાનને રક્ષા બાંધીને પ્રાર્થના કરીશું કે અમને તમારા શરણમાં રાખજો. અમે આજ્ઞામાં રહીને મોક્ષનું કામ કાઢી લઈએ.

નીરૂમાને રક્ષા બાંધીને પ્રાર્થના કરીશું કે બધા પ્રોબ્લેમ્સમાં અમારી રક્ષા કરજો અને દાદાની આજ્ઞા પકડીને, અહીંના બધા કર્મો પૂરા કરીને સીમંધર સ્વામીનું શરણું પ્રાપ્ત કરીએ.

ઠેઠ મોક્ષનું કામ થતા સુધી આપણને સીમંધર સ્વામી, દાદા ભગવાન અને નીરુમાની રક્ષા રહેવાની જ છે. બસ, આપણે આપણા તરફથી ક્યારેય ઊંધું ચાલવું નથી.

# જ્ઞાનીઓની અનોખી રીત

એક વખત પૂજ્યશ્રીના બહેન પૂજ્યશ્રીને રાખડી બાંધવા આવ્યા. ત્યારે પૂજ્યશ્રીએ એમને કહ્યું, "તમે સીમંધર સ્વામીને રાખડી બાંધો. હું પણ ભગવાનને જ રાખડી બાંધુ છું. ભગવાન જ આપણી રક્ષા કરશે."

આમ, પૂજ્યશ્રીએ એમના બહેનોને રક્ષણ પ્રાપ્ત કરવાની સાચી રીત દેખાડી.



# જન્માષ્ટમી





શ્રાવણ વદ આઠમ એટલે કૃષ્ણ જન્મનો પવિત્ર દિવસ - 'જન્માષ્ટમી'. આજથી લગભગ પાંચ હજાર વર્ષ પહેલા શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મ થયો હતો.

શ્રી કૃષ્ણનો જન્મ રાત્રીના અંધકારમાં જેલમાં થયો હતો. જ્યારે એમનો જન્મ થયો ત્યારે બધા ચોકીદારો ઊંઘી ગયા, સાંકળ તૂટી ગઈ અને દરવાજા ખૂલી ગયા. એવી જ રીતે જ્યારે જ્ઞાનીઓ જન્મ લે છે ત્યારે તેઓ આપણી અંદર રહેલી નેગેટિવિટીનો અંધકાર દૂર કરી દે છે અને 'મારા-તારા'ની દિવાલો તોડીને આપણને મુક્તિનો સ્વાદ ચખાડે છે.

# જ્ઞાનીઓ કહે છે...



શ્રી કૃષ્ણ ભગવાનને વાસુદેવ ભગવાન કહ્યા છે. વાસુદેવ એટલે બહુ પાવરફુલ. તેઓ અડધી પૃથ્વીના રાજા હતા.

બધા દાદાશ્રીને પૂછતા કે કૃષ્ણ ભગવાનને મોરનું પીંછું બહુ વ્હાલું હતું ને ? ત્યારે દાદાશ્રી કૃષ્ણ ભગવાનની વિશેષ વાત જણાવતા કહેતા કે આખી જિંદગીમાં કૃષ્ણ ભગવાને આત્મા સિવાય કોઈને વ્હાલો કર્યો જ નહોતો. શ્રી કૃષ્ણ જબરદસ્ત જગત કલ્યાણની ભાવનાવાળા હતા. આપણે તે સ્વરૂપે કૃષ્ણ ભગવાનને ઓળખીને એમની ભક્તિ-આરાધના કરીશું.



# શરદ પૂનમ

શરદ પૂનમ એટલે કે ગરબાની રમઝટ માણવાનો અને દૂધપૌઆ ખાવાનો તહેવાર !

એવી માન્યતા છે કે શરદ પૂનમની રાત્રે ચંદ્રમાંથી નીકળતા કિરણો અમૃત સમાન હોય છે. તે રાત્રે ખીર બનાવીને ચંદ્રની રોશનીમાં રાખવામાં આવે છે. એવું મનાય છે કે શરદ પૂનમ પર ચંદ્રના કિરણો જ્યારે ખીર પર પડે છે ત્યારે ખીરમાં વિશેષ ગુણ ઉત્પન્ન થાય છે.

તે ઋતુ દરમિયાન દિવસે તાપ અને રાત્રે ઠંડી પડે છે. આના કારણે બિમારી થવાની શક્યતા રહે છે. સાકર નાખેલા દૂધમાં પૌઆ ખાવાથી બિમારી નથી થતી અને શરીર સ્વસ્થ રહે છે. આ દિવસોમાં ઠંડા વાતાવરણમાં પરસેવો થાય એવી કસરત કરવી પણ હિતકારી મનાય છે. અને તેથી જ શરદ પૂનમની રાત્રે ગરબાનું મહત્વ છે.



# નવરાત્રી



જૂના જમાનામાં ચોમાસામાં રોગચાળો થતો હતો. ચોમાસુ પૂરુ થાય એટલે બધા નવરાત્રીનો ઉત્સવ મનાવે. નવરાત્રી એટલે કે 'નવી-રાત્રી'. જે રોગચાળા વખતે બચી ગયા તે બધા 'નવી' રાત્રી ઉજવે કારણકે ખરાબ ટાઈમ ગયો અને સારા દિવસો શરૂ થયા. ગરબા કરે અને તે નિમિત્તે માતાજીની ભક્તિ કરીને આશીર્વાદ લે.

# દિવાળી

આપણા દેશમાં તહેવારો તો ઘણા છે, પણ દિવાળીનું એક ખાસ મહત્વ છે. દિવાળીને દિપાવલી પણ કહેવામાં આવે છે. દિપ એટલે 'દિપક' અને 'આવલી' એટલે હારમાળા. દિપ+આવલી, દિપાવલી એટલે દીવાઓની હારમાળા.

એવું માનવામાં આવે છે કે દિવાળીના દિવસે પ્રભુ શ્રી રામ ચૌદ વર્ષના વનવાસ પછી અયોધ્યા પાછા ફર્યા હતા. પ્રભુના સ્વાગત માટે નગરના પ્રત્યેક ઘરને દીવાઓ પ્રગટાવીને શણગાર્યા હતા અને આ રીતે દીવાઓની હારમાળા સર્જાઈ હતી.

## જ્ઞાનીઓ કહે છે...

દિવાળીમાં ભગવાન મહાવીરનું નિર્વાણ (ભગવાન મોક્ષે ગયા) થયું અને થોડા ટાઈમ પછી ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થયું. દીપ પ્રગટાવવા પાછળનો હેતુ એ છે કે આપણે પણ આપણો આત્મ દીપ પ્રગટાવી લઈએ. મુખ્ય હેતુ 'મુક્તિ'નો છે.

## જ્ઞાનીઓની અનોખી રીત

ફટાકડા ફોડવામાં દાદાશ્રીએ તારણ કાઢેલું. રાજા પોતે ફટાકડા ફોડે કે નોકર પાસે ફોડાવડાવે ? કોઈ રાજાએ દારૂખાનું ફોડેલું નહીં. નોકરો પાસે જ ફોડાવે. માટે બીજા ફટાકડા ફોડે એ દાદા નિરાંતે બેસીને જોતા અને આનંદ માણતા.



# આ તો નવી જ વાત !




વૈષ્ણવોના, જૈનોના અને શિવ ધર્મના મોટા ભાગના બધા જ તહેવારો, ચોમાસાના ચાર મહિનાઓમાં આવે છે.

એનું કારણ એ છે કે વરસાદની સીઝનમાં મચ્છરો વધી જાય અને તબિયત બગડે. હવામાં ભેજ રહેવાથી પાચનશક્તિ ઘટી જાય. આ દિવસોમાં ઓછું ખાવાનું ખવાય તો રોગ સામે ફાઈટ કરવાનો પાવર સારો રહે.



તેથી, ઋષિ-મુનીઓએ મોટા ભાગના તહેવારોનું સેટિંગ ચોમાસામાં કર્યું. આ ટાઈમે ઉપવાસ કરો, એકાદશી કરો, એક વાર જમો અને સાથે-સાથે ભક્તિ-આરાધના કરો.





જુદા-જુદા તહેવારોમાં અમુક જાતનું ફૂડ ખાવાનું અને અમુક નહીં ખાવાનું, એની પાછળ તબિયત સાચવવાનો હેતુ છે. શરીર નિરોગી રહે એટલે વધારે ધર્મ કરી શકે. આમ બધા તહેવારો ઋતુ, તબિયત અને ભક્તિ ત્રણેવ સાથે કનેક્ટેડ છે.





# Search Activity




આ પિક્ચરમાં ઘણા બધા તહેવારો ઉજવાઈ રહ્યા છે. જેમાં તહેવારમાં વપરાતી વસ્તુઓ તેમજ એ તહેવારની ઉજવણી પાછળના કારણો છુપાયેલા છે. નીચે આપેલા ટેબલમાં તમારે દરેક વસ્તુને અથવા કારણને યોગ્ય તહેવાર સાથે જોડવાના છે.

| તહેવાર | વસ્તુ / કારણ |
|---|---|
| હોળી | |
| ક્રિસમસ | |
| નવરાત્રી | |
| ધૂળેટી | |
| ઉત્તરાયણ | |






| તહેવાર | વસ્તુ / કારણ |
| --- | --- |
| રક્ષાબંધન | |
| જન્માષ્ટમી | |
| શરદપૂનમ | |
| દિવાળી | |
| ઈદ | |






# મેરી ક્રિસમસ

દુનિયાભરમાં ૨૫ ડિસેમ્બરે પ્રભુ જીસસ ક્રાઈસ્ટના જન્મદીવસને 'ક્રિસમસ' તરીકે મનાવવામાં આવે છે. પ્રકાશ, પ્રેમ અને ખુશીઓના પ્રતિકરૂપે આ તહેવાર ઉજવાય છે.

આ તહેવારમાં જરૂરિયાતમંદ લોકોને ગિફ્ટ આપવાનું શ્રેષ્ઠ મહત્વ છે. ક્રિસમસના દિવસે મધ્ય રાત્રીએ કરવામાં આવતી સામૂહિક પ્રાર્થના હળીમળીને રહેવાનો સંદેશ આપે છે. ક્રિસમસ ઉપર પ્રભુ ઈશુની સામે મીણબત્તીઓ પ્રગટાવીને લોકો તેમના જીવનમાં પ્રકાશ ફેલાવવાની પ્રાર્થના કરે છે.

ક્રિસમસ વખતે સાંતા ક્લોઝનું વિશેષ મહત્વ હોય છે. જાણો છો, સાંતા ક્લોઝની પરંપરા કેવી રીતે શરૂ થઈ ? લગભગ દોઢ હજાર વર્ષ પહેલા નિકોલસ નામે એક સંત થઈ ગયા.

સંત નિકોલસનો જન્મ જીસસના મૃત્યુ બાદ લગભગ ૨૮૦ વર્ષ પછી એક અમીર પરિવારમાં થયો હતો. બાળપણમાં જ તેમના માતા-પિતાનું મૃત્યુ થઈ ગયું. શરૂઆતથી જ નિકોલસ પ્રભુ જીસસના ભક્ત હતા. સંત નિકોલસને જરૂરિયાતમંદ લોકો અને બાળકોને ઉપહાર આપવાનું ખૂબ જ ગમતું હતું.

તેઓ પોતાના ઉપહાર આપવા અડધી રાત્રે નીકળતા હતા. કારણકે તેઓ પોતાની ઓળખને છુપાવવા માંગતા હતા. અને આમ, સંત નિકોલસથી શરૂ થઈ 'સાંતા ક્લોઝ'ની પ્રથા.

ક્રિસમસ પર ક્રિશ્ચિયન્સ પોતાનું ઘર શણગારે છે. ઘરમાં ખાસ કરીને ક્રિસમસ ટ્રી સજાવવામાં આવે છે. જ્યારે જીસસ ક્રાઈસ્ટનો જન્મ થયો ત્યારે દેવતાઓએ તેમના માતા-પિતાને શુભકામનાઓ પાઠવી હતી અને તેમના માટે એક 'ફર'નું ઝાડ તારાઓથી શણગાર્યું હતું. આ દિવસથી દર વર્ષે 'ફર'ના ઝાડને ક્રિસમસ ટ્રીના પ્રતીકરૂપે સજાવવામાં આવે છે. તેની ઉપર રંગ-બેરંગી લાઈટ્સ લગાવવામાં આવે છે, ઘંટડીઓ બાંધવામાં આવે છે. હાર, ફૂલો અને અન્ય સુંદર વસ્તુઓથી સજાવવામાં આવે છે. એવું કહેવાય છે કે જે ઘરોમાં આ ઝાડ હોય છે, ત્યાં નેગેટિવિટી આવતી નથી.



# ઉત્તરાયણ

## જ્ઞાનીઓ કહે છે...

ઉત્તરાયણનો તહેવાર મૂળ પતંગ ચગાવવા માટે નહોતો, સૂર્ય નારાયણના દર્શન કરવા માટે હતો. ઉત્તરાયણ વખતે સૂર્યનું તેજ આંખમાં પડે તે હિતકારી હોય. એટલે આવી ગોઠવણી કરેલી. પછી રમત-ગમત સાથે જોડી દીધું.

કેટલાકને તો પતંગ ચગાવવામાં મજા ના આવે. એને તો કપાયેલી પતંગ પકડવામાં જ મજા આવે. આ બધી પતંગની દાવ-પેચ ચાલે છે, એવી જીવનમાં પણ દાવ-પેચ ચાલે છે. જબરો બીજાને કચડે અને પોતાનાથી જબરો એ આપણને કચડે. જેને છૂટવું હોય એ આ દાવ-પેચમાંથી બહાર નીકળે કે આ રસ્તો ખોટો છે !



# હોળી

## જ્ઞાનીઓ કહે છે...

હોળીના સમયે સીઝન ચેન્જ થતી હોય છે. એટલે ઝાડ પરથી બહુ પાંદડા ખરે છે. એટલે, આ એક દિવસે બધા જ પાંદડાઓ સાથે બાળવામાં આવે છે. રોજ રોજ પાંદડા બાળવા જાય, તો બધું ડિસ્ટર્બ થઈ જાય. એટલે આ એક દિવસ નક્કી કરીને બધા જ પાંદડા એક સાથે બાળે. હોળી સળગાવવા પાછળનું આ મુખ્ય કારણ છે.

બીજા દિવસે ધૂળેટી પર બધા એકબીજા પર ગુલાલ નાંખીને રમે છે. આમ, હાર્ટીલી રમવાથી આસપાસ વાળાઓ સાથે જે રાગ-દ્વેષ, વેર થયા હોય છે તે છૂટી જાય છે. ભાઈ, આનંદ કરો, ઉત્સવ મનાવો, વેર-ઝેર છોડી દો અને એકબીજા સાથે પ્રેમથી રહો. રંગ લગાવીએ, હોળી રમીએ એમાં બધા વેર છૂટી જાય છે. પ્રેમથી રહેવું છે એવું નક્કી થઈ જાય છે. હોળી રમવા પાછળ આ હેતુ છે.





## જ્ઞાનીઓની અનોખી રીત

નાનપણથી નીરુમાને હોળી રમવી સહેજે ગમતી નહોતી. એમને થતું કે એક વાર રંગાવાનું, એને પછી પાછું સાફ કરવાનું. એ ધોવાનો એમને બહુ કંટાળો આવતો. એટલે તેઓ ક્યારેય હોળી રમ્યા જ નથી. ક્યારેક નીરુમાના ભાભીઓ એમને પકડીને એમના પર રંગ નાખી દેતા હતા. પણ નીરુમા પણ પાક્કા હતા. ત્યારબાદ, તેઓ ધૂળેટીની સવારથી ભાભીની ફર્સ્ટ ક્લાસ સાડી પહેરી લેતા. એટલે ભાભીને નીરુમા પર રંગ નાખવાની હિંમત ઓછી થતી.

# ઈદ-મુબારક

મુસ્લિમ કેલેન્ડરનો સહુથી પવિત્ર મહિનો એટલે રમઝાનનો મહિનો. મુસ્લિમો રમઝાનના મહિના દરમિયાન રોઝા (ઉપવાસ) અને ઈબાદત (ભક્તિ) કરે છે. રમઝાન માસ પતે અને ઈદનો ચાંદ દેખાય પછી ઈદની રાત્રીનો પ્રારંભ થાય છે. લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી શરૂ થઈ હતી. 'ઈદ' શબ્દ મૂળ 'અબદ' પરથી આવ્યો છે. 'અબદ' એટલે 'ફરી'. દર સાલ પાછી ફરી મળતી ખુશી એટલે ઈદ. અને ફિત્ર એટલે 'દાન'.

ઈદના દિવસે 'સદકા-એ-ફિત્ર' કરવાનો રિવાજ હોય છે, એટલે કે ગરીબોને દાન આપવાનો રિવાજ હોય છે.

ઈદના દિવસે દરેક મુસ્લિમને ત્યાં ખીર બને છે. દૂધ, ખાંડ, સેવ અને સૂકો મેવો નાંખી બનાવવામાં આવતી આ વાનગી જીવનમાં ફરી મીઠાશ પ્રસરાવવાનો સંદેશ આપે છે.

ઈદની નમાઝ (પ્રાર્થના) સમાનતાનો સંદેશ આપે છે. નાના-મોટા, ગરીબ-અમીર સહુ એક જ લાઈનમાં ઊભા રહી ઈદની નમાઝ પઢે છે (પ્રાર્થના કરે છે).

નમાઝ પછી બધા એકબીજાને ભેટીને, ગળે મળીને વીતેલા વર્ષમાં સંબંધોમાં થયેલી કડવાશ ભૂલી જઈ, મનને સ્વચ્છ કરી, ફરી પ્રેમ અને લાગણીના સંબંધોનો આરંભ કરે છે. આમ 'ઈદ' એકબીજાની ભૂલોને માફ કરવાનો, પ્રાયશ્ચિત કરવાનો દિવસ પણ છે.



એક વાર હજરત મહંમદ પયગંબરને કોઈકે પૂછ્યું, 'ઈદના દિવસે શું જરૂરી છે ?'

મહંમદ સાહેબે કહ્યું, 'ઈદના દિવસે ખુલ્લા દિલથી ખુશી વ્યક્ત કરો. મનની કડવાશથી મુક્ત થાવ. ખાઓ-પીઓ અને ખુશીની આપ-લે કરો. ખુશીને માણો અને ખુદાને યાદ કરતા રહો.'

# મીઠી યાદેં

દિવાળી આવે એટલે નીરુમાને થાય કે મહાત્માઓને શું ખવડાવીશું ? બધું સારું સારું બનાવડાવે અને બધી જ વાનગીઓ બનાવવામાં જાતે ઈન્ટરેસ્ટ લે. નીરુમા કહે કે દિવાળી આવી એવું લાગવું જોઈએ. પંદર દિવસ પહેલેથી જ નીરુમા મહાત્માઓ માટે જાત-જાતની વાનગીઓ બનાવવા માટે થનગનતા હોય. નીરુમા જે કહે એ બધું જ બહેનો હોંશે હોંશે બનાવે. બહેનો જ્યારે મઠીયા બનાવે ત્યારે નીરુમા ત્યાં જ ઊભા રહે.





દર દિવાળીએ નીરુમા મહાત્માઓને પાંચ રૂપિયા, દસ રૂપિયાની બોણી (ભેંટ) આપતા. ઘણા બધા મહાત્માઓનો એવો અનુભવ છે કે નીરુમાએ આપેલી બોણીની પ્રસાદી તિજોરીમાં મૂક્યા પછી એમને ક્યારેય કોઈ આર્થિક તકલીફો આવી નથી.

ઉત્તરાયણમાં નીરુમા ઊંધિયું અને જલેબી બનાવડાવે.

નીરુમા સાથે રહીને મહાત્માઓને શીખવા મળ્યું કે તહેવારોની ખરી ઉજવણી કેવી હોય ! સહેજ પણ થાક્યા વગર મહાત્માઓ માટે મહાત્માઓ જાતે જ પ્રસાદી બનાવે અને આનંદ-ઉલ્લાસથી હળી મળીને બધા તહેવારો ઉજવે !



જન્માષ્ટમી વખતે નીરુમાની એવી ભાવના રહેતી કે ગુરુકુળના બાળકો મટકી ફોડે. જન્માષ્ટમીની સવારે સીટીના મહાત્માઓ, બાળકોનો પ્રોગ્રામ જોવા માટે ગાર્ડનમાં ભેગા થતા. ત્યાં નીરુમા અને પૂજ્યશ્રી પણ આવતા. બાળકો બધી જ તૈયારીઓ કરતા. ગાર્ડનમાં નીચે માટી નાખી હોય, ઉપર દોરડું બાંધીને મટકી લટકાવી હોય અને અંદર માખણ હોય. બાળકોનો મિનારો બને અને એક નાનકડો બાળક 'બાળ કૃષ્ણ' બનીને મટકી ફોડે.



એક વખત જે બાળક કૃષ્ણ બન્યો હતો તેનું ધોતિયું તેના પગમાં આવતું હતું અને તેને મિનારા પર ચઢતા નહોતું ફાવતું. નીરુમાએ એને પાસે બોલાવ્યો અને એને એવું સરસ ધોતિયું પહેરાવી આપ્યું કે જેથી એના પગમાં સહેજે ભરાય નહીં. બાળક હરખાતો હરખાતો પાછો મિનારા પર ચઢ્યો અને એણે મટકી ફોડી. નીરુમાનું આ વ્હાલ બાળકોને જેટલું ભીજવી ગયું તેટલું જ પ્રેક્ષક મહાત્માઓને પણ સ્પર્શી ગયું!





જન્માષ્ટમી વખતે નીરુમાને કૃષ્ણ ભગવાનને ભેટતા જોઈને મહાત્માઓને ખૂબ આનંદ થતો અને બધા ભાવ વિભોર થઈ જતા. દરેક મહાત્માના દિલમાં એવી ભાવના થતી કે, "નીરુમાને કૃષ્ણ ભગવાન પ્રત્યે જેવો પ્રેમ છે, એવો અમને પણ થાય અને અમે પણ નીરુમાની જેમ ભગવાનને સાચો પ્રેમ કરીને કૃષ્ણમય થઈ જઈએ!"



ઘણી બધી બહેનોનો એવો અનુભવ છે કે તેઓ જ્યારે પોતાના ઘરે રહેતા હતા ત્યારે નવરાત્રી વખતે બની-ઠનીને ગરબા રમવા જતા હતા. પણ, નીરુમા પાસે આવ્યા પછી તેમને ક્યારેય બહાર ગરબા ગાવા જવાનું ખેંચાણ નથી થયું. ઘણી બહેનો નીરુમાને પૂછતી કે ગરબા વખતે અમે તમારી સામે સરસ મજાના કપડા પહેરીને ગરબા રમીએ? તો નીરુમા કહેતા, "હા, મારી સામે જેટલો મોહ કરવો હોય એટલો કરી લો." એટલે નવરાત્રીના નવે નવ દિવસ બધા જુદું જુદું પહેરીને નીરુમા પાસે ગરબા રમતા.

ગરબા વખતે બધાનું ચિત્ત નીરુમામાં જ હોય અને નીરુમા પ્રત્યે જ ભક્તિ હોય. કોઈને એવો વિચાર પણ ના આવે કે 'હું કેટલી સરસ લાગું છું.' ખરેખર, નીરુમા પાસે ગરબા રમતી વખતે માતાજીના ગરબા ગવાતા હોય એવી જ ભક્તિ ઉત્પન્ન થાય.




# નીરુમા સંગે રોજ તહેવાર



મહાત્માઓને સેલિબ્રેશન માટે તહેવારની જરૂર નથી. એમના માટે તો જ્ઞાનીનો સંગ એ જ તહેવાર અને એ જ સેલિબ્રેશન છે.

જ્યારે ચોમાસાનો પહેલો વરસાદ પડે ત્યારે નીરુમા અચૂક નહાવા માટે બહાર નીકળે અને સાથે સાથે મહાત્માઓને પણ બહાર બોલાવે.

વરસતા વરસાદમાં મહાત્માઓને ભજીયા અને સુખડી ખવડાવી નીરુમા સહુને પોતાના પ્રેમમાં ભીંજવી દે !

# FUN FACTS



## તહેવારો પર આસોપાલવના તોરણ શું કામ ?

આસોપાલવનું પાન તોડી લીધા પછી પણ ૨૪ કલાક સુધી ઓક્સિજન આપતું રહે છે. તો ઘરમાં પ્રસંગ હોય ત્યારે ઘણા બધા લોકો ભેગા થાય. અને બધાને પૂરતો ઓક્સિજન મળી રહે એ માટે આસોપાલવના તોરણ લગાવાય.





## હોળી પર ધાણી કેમ ખાવાની ?

હોળી શિયાળા પછી તરત જ આવતો તહેવાર છે. ઠંડી ઋતુમાં આપણે ઘીવાળી અને મીઠી વસ્તુઓ ખાઈએ છીએ, જેનાથી શરીરમાં કફનું પ્રમાણ વધી જાય છે. જુવારની ધાણી કફને દૂર કરવામાં ગુણકારી છે.





Akram Express

August 2022
Year : 14, Issue : 12
Conti. Issue No.: 168

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# HAPPY BIRTHDAY AKRAM EXPRESS



## મને કહેશો હું તમને કેવો લાગું છું?

તો તમારા મોબાઇલથી
scan કરો QR Code

Last Date : 31st August

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.